પાડોશીઓ વચ્ચે થયેલી મારામારીમાં એકતરફી પોલીસ કાર્યવાહીના આક્ષેપ સાથે હુમલો કરાયો હતો

ડભોઈમાં પોલીસ પર હુમલો કરનાર ચાર ઝબ્બે

અન્ય ફરાર આરોપીઓની પોલીસ દ્વારા શોધખોળ શરૂ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૫ ડભોઈના મહુડી ભાગોળ વિસ્તારમાં પડોશીઓ વચ્ચે થયેલી મારામારીના કેસમાં પોલીસ દ્વારા એકતરફી કાર્યવાહી કરવામાં આવી હોવાનો વહેમ રાખી કેટલાક શખ્સોએ ફરજ પર રહેલા પોલીસ કર્મચારીઓ પર હુમલો કર્યો હતો. ઘટનામાં બે પોલીસકર્મીઓ ઈજાગ્રસ્ત થયા હતા. પોલીસે ચાર આરોપીઓની ધરપકડ કરી અન્ય ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. મળતી માહિતી અનુસાર, ડભોઈમાં આવેલી મહુડી ભાગોળ વિસ્તારમાં પાડોશીઓ વચ્ચે થયેલી મારામારીના બનાવ બાદ કેટલાક લોકો પોલીસની કામગીરીથી નારાજ હતા. આ અદાવતના કારણે ડભોઈ સરકારી દવાખાના નજીક બપોરના સમયે ફરજ પર હાજર હેડ કોન્સ્ટેબલ નવીન ઝાલાને જોઈ પરવેજ ઉર્ફે રાજા ગરાસીયાએ પોતાના સાગરીતોને ઉશ્કેર્યા હતા. જેના કારણે આ આરોપીઓ પૈકી આસિફ અને હસનેન ગરાસીયાએ ઈંટના ટુકડાઓ વડે હુમલો કરી નવીન ઝાલા પર હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી. અન્ય શખ્સોએ પણ પોલીસકર્મી સાથે મારામારી કરી હતી. દરમિયાન હુમલો અટકાવવા માટે દોડી આવેલા પોલીસ કોન્સ્ટેબલ શુભમ પર પણ હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં તેમને નખ વડે ઈજા પહોંચી હતી. ડભોઈ પોલીસ મથકે પરવેજ ઉર્ફે રાજા સિકંદર ગરાસીયા, આસિફ સિકંદર ગરાસીયા, હસનેન ઉર્ફે મુનશી સિકંદર ગરાસીયા, સમીર સિકંદર ગરાસીયા, સિકંદર ફકુભાઈ ગરાસીયા, સુહાન બદરૂદ્દીન સૈયદ, બદરૂદ્દીન કાળુભાઈ સૈયદ સહિત બે મહિલા અને અન્ય આરોપીઓ મળી 11 વ્યક્તિઓ સામે સરકારી કામમાં રૂકાવટ, પોલીસ પર હુમલો સહિતની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે આરોપીઓ પૈકીના સિકંદર ફકરુ ગરાસીયા, આસીફઅલી મહેબુબઅલી સૈયદ, અમરીનનિશા આસીફઅલી સૈયદ અને રૂકશાનાબાનુ વારીસઅલી સૈયદની ધરપકડ કરી છે. જ્યારે અન્ય આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળ્યું છે.

ખોટી ફાઇનાન્સ કંપનીનો એજન્ટ બની મહિલાઓ પાસેથી રૂપિયા ખંખેર્યા

લોન અપાવવાના બહાને ઠગાઈ કરનાર વોન્ટેડ આરોપી ઝડપાયો

કરજણના કણભા ગામેથી મોડી રાત્રે ઝડપી નવાપુરા પોલીસને સોંપાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૫ વડોદરા શહેરમા લોન અપાવવાના બહાને મહિલાઓ સહિત અનેક લોકો સાથે છેતરપિંડી કરનાર અને છેલ્લા 6 વર્ષથી ફરાર રહેલા આરોપીને ક્રાઈમ બ્રાન્ચે કરજણ તાલુકાના કણભા ગામેથી ઝડપી પાડયો છે. વડોદરા લાવ્યા બાદ આરોપીને વધુ કાર્યવાહી માટે નવાપુરા પોલીસને સોંપવામાં આવ્યો છે. વડોદરા શહેરના વિવિધ પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા ગુનાઓમાં લાંબા સમયથી નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા માટે ક્રાઈમ બ્રાન્ચની ટીમો નવાપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છેતરપિંડીના ગુનામાં સંડોવાયેલા શાહરૂખ ઉર્ફે જાવેદ હસનશા દીવાનની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. આરોપીએ વર્ષ 2020 દરમિયાન આરોપીએ પોતાના સાગરીતો સાથે મળીને ખોટી ફાઇનાન્સ કંપનીના નામે લોન અપાવવાના ફોર્મ ભરાવી લોકોને વિશ્વાસમાં લીધા હતા. બાદમાં લોન મંજૂર કરાવવાના બહાને રૂપિયા વસૂલ્યા હતા, પરંતુ કોઈને લોન અપાવી નહોતી. નવાપુરા વિસ્તારમાં મહિલાઓ સહિત અન્ય વ્યક્તિઓ પાસેથી રૂપિયા 14 હજાર પડાવી આરોપીઓએ છેતરપિંડી આચરી હતી. ફરિયાદીઓએ રૂપિયા પરત માંગતા તેમને ધમકી પણ આપવામાં આવી હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. ગુનામાં સંડોવણી ખુલ્યા બાદ આરોપી છેલ્લા છ વર્ષથી ફરાર હતો. પોલીસની નજરથી બચવા માટે તે સતત પોતાના ઠેકાણા બદલતો રહેતો હતો. ક્રાઈમ બ્રાન્ચને માહિતી મળી હતી કે આરોપી માત્ર રાત્રિના સમયે જ પોતાના વતન કણભા ગામે આવ્યો છે. આ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે ગામમાં વોચ ગોઠવી મોડી રાત્રે તેને ઝડપી પાડ્યો હતો. પકડાયેલા આરોપીની ઓળખ શાહરૂખ ઉર્ફે જાવેદ હસનશા દીવાન (રહે. મસ્જિદ ફળિયું, કણભા ગામ, તા. કરજણ, જી. વડોદરા) તરીકે થઈ છે.

વાયરલ વીડિયોના આધારે સયાજીગંજ પોલીસની કાર્યવાહી

મહિલા પેસેન્જરને ગાળો ભાંડનાર રિક્ષાચાલક ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.4 સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયો બાદ વડોદરા પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને મહિલા પેસેન્જર સાથે ગાળાગાળી કરતા રિક્ષાચાલકને ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો છે. ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો વાયરલ થયો હતો. વીડિયોમાં રિક્ષા નંબર GJ-06-BW-7208 નો ચાલક મહિલા પેસેન્જરો સાથે ભાડાની બાબતે બોલાચાલી કરીને અપશબ્દો બોલતો અને ગાળાગાળી કરતો નજરે પડ્યો હતો. વીડિયો વાયરલ થતાં જ લોકોમાં ભારે રોષ ફેલાયો હતો. વાયરલ વીડિયોની ગંભીરતા ધ્યાને લઈ તાત્કાલિક કાર્યવાહીના આદેશ અપાયા હતા. સયાજીગંજ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફની અલગ-અલગ ટીમો બનાવી આરોપીની શોધખોળ હાથ ધરાઈ હતી. દરમિયાન રેલવે સ્ટેશન આઉટ ગેટ પાસે આરોપી રિક્ષાચાલક પોતાની રિક્ષા સાથે મળી આવ્યો હતો. પોલીસે તેને ચેક કરતા તે દારૂ કે કેફી પીણું પીધેલી હાલતમાં હોવાનું જણાયું હતું. રીક્ષાચાલક આરોપી ચિરાગ દિલીપભાઈ શર્મા લક્ષ્મણ ભરવાડની ચાલી, કિશનવાડી, આજવા રોડ, વડોદરા શહેરનાઓની અટકાયત કરી ત્યારબાદ તેને તાત્કાલિક સયાજીગંજ પોલીસ સ્ટેશને લાવી ગુનો રજિસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસે જણાવ્યું કે, જાહેરમાં મહિલાઓ સાથે અસભ્ય વર્તન અને નશાની હાલતમાં વાહન ચલાવવા બદલ આરોપી સામે કડક કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. સોશિયલ મીડિયા પર નાગરિકોની જાગૃતતાના કારણે આરોપી ઝડપથી પકડાયો હોવાનું પોલીસે ઉમેર્યું હતું.

મેક્સિમસની આવકમાં 18%નો વધારો

(પ્રતિનિધિ), વડોદરા. તા.5 સ્પેશિયાલિટી લુબ્રિકન્ટ્સ અને પેટ્રોલિયમ ઉત્પાદનોના અગ્રણી ઉત્પાદક મેક્સિમસ ઇન્ટરનેશનલ લિમિટેડે નાણાકીય વર્ષ 2025-26 માટે મજબૂત નાણાકીય પરિણામોની જાહેરાત કરી છે. કંપનીએ વર્ષ દરમિયાન તમામ મુખ્ય નાણાકીય માપદંડોમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાવી છે. કંપનીની કુલ આવક 18 ટકા વધીને 1,848 મિલિયન પહોંચી છે, જે અગાઉના વર્ષમાં 1,569 મિલિયન હતી. EBITDAમાં 14 ટકાનો વધારો થઈ તે 173 મિલિયન રહ્યો છે, જ્યારે કરવેરા પહેલાનો નફો (PBT) 7 ટકા વધીને 111 મિલિયન નોંધાયો છે.

કંપનીની નેટવર્થમાં પણ 20.78 ટકાનો વધારો થઈ તે 871 મિલિયન સુધી પહોંચી છે. ચોથા ત્રિમાસિક દરમિયાન કંપનીએ વધુ સારા પરિણામો નોંધાવ્યા છે. આ સમયગાળામાં આવક 560 મિલિયન રહી હતી, જે અગાઉના ત્રિમાસિકની સરખામણીએ 29 ટકા વધુ છે.

કરજણના ચાલક સહિત બે લોકો ઈજાગ્રસ્ત

શહેરના ભીમનાથ બ્રિજ પાસે બેફામ કાર ચાલકે રિક્ષાને ઉડાવી

ટક્કર એટલી પ્રચંડ હતી કે રિક્ષાના ફુરચા ઊડી ગયા, અકસ્માત સર્જી કાર ચાલક ફરાર

(પ્રતિનિધિ), વડોદરા. તા.5 વડોદરામાં દિવસેને દિવસે માર્ગ અકસ્માતોનો ગ્રાફ ચિંતાજનક રીતે વધી રહ્યો છે. શહેરમાં ટ્રાફિકના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરતા નશામાં ચૂર કે બેફામ બનેલા વાહનચાલકો માસૂમ અને નિર્દોષ લોકોના જીવ જોખમમાં મૂકી રહ્યા છે. આવી જ એક વધુ કાળજું કંપાવી દેનારી અકસ્માતની ઘટના વડોદરાના ભીમનાથ બ્રિજ પાસે સામે આવી છે, જ્યાં એક બેફામ બનેલા કાર ચાલકે ફૂલ સ્પીડમાં રિક્ષાને પાછળથી જોરદાર ટક્કર મારી હવામાં ફંગોળી દીધી હતી. કરજણના એક રિક્ષાચાલક મુસાફરને લઈને વડોદરાની સયાજી હોસ્પિટલ પાછળ મૂકવા માટે આવી રહ્યા હતા. મુસાફરને સલામત સ્થળે પહોંચાડવાના આશય સાથે આવી રહેલા રિક્ષાચાલકને કદાચ ખબર નહોતી કે આગળ મોત ભમી રહ્યું છે. રિક્ષા જ્યારે ભીમનાથ બ્રિજ નજીકથી પસાર થઈ રહી હતી, ત્યારે પાછળથી કાળમુખી બનીને આવતી એક બેફામ કારના ચાલકે પોતાના વાહન પરનો કાબૂ ગુમાવી દીધો હતો અને રિક્ષાને પાછળથી ધડાકાભેર ભયાનક ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર અને પ્રચંડ હતી કે રિક્ષાનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને તેના ફુરચા ઊડી ગયા હતા. અકસ્માતના પગલે રિક્ષાચાલક અને તેમાં સવાર પેસેન્જર બંને હવામાં ફંગોળાઈને રોડ પર પટકાયા હતા અને તેઓને ઈજાઓ પહોંચી હતી. ધડાકાનો અવાજ સાંભળતા જ આસપાસના સ્થાનિક લોકો અને રાહદારીઓ તાત્કાલિક મદદ માટે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. લોકોએ તુરંત જ માનવતા દાખવી 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ગણતરીની મિનિટોમાં એમ્બ્યુલન્સ આવી પહોંચતા, શરીરે ગંભીર ઈજાઓ પામેલા રિક્ષાચાલક અને પેસેન્જરને તાત્કાલિક સારવાર અર્થે નજીકની એસ.એસ.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે.

દ્વિપક્ષીય સ્તન પુનઃનિર્માણ સર્જરી બાદ મહિલાએ આત્મવિશ્વાસ ફરી મેળવ્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.5 HCG કેન્સર હોસ્પિટલ, વડોદરામાં 64 વર્ષીય મહિલાની બંને સ્તનોમાં અલગ-અલગ પ્રકારના કેન્સરનું નિદાન થયા બાદ સફળ બાયલેટરલ માસ્ટેક્ટોમી અને ફ્રી ફ્લેપ બ્રેસ્ટ રિકન્સ્ટ્રક્શન સર્જરી કરવામાં આવી છે.

આ સર્જરીએ દર્દીને કેન્સર સામે લડવામાં મદદ કરવાની સાથે તેમનો આત્મવિશ્વાસ અને જીવનની ગુણવત્તા પણ પુનઃસ્થાપિત કરી છે. દર્દીને શરૂઆતમાં ડાબા સ્તનમાં ગાંઠ જણાતા તપાસ કરાવવામાં આવી હતી. વધુ નિદાન દરમિયાન જમણા સ્તનમાં પણ શંકાસ્પદ ગાંઠ મળી આવી હતી. બાયોપ્સી રિપોર્ટમાં બંને સ્તનોમાં અલગ પ્રકારના કેન્સરની પુષ્ટિ થઈ હતી.

ત્યારબાદ HCGની મલ્ટિડિસિપ્લિનરી ટીમે કીમોથેરાપી અને સર્જરી સહિતની વ્યાપક સારવાર યોજના તૈયાર કરી હતી. કુલ આઠ કીમોથેરાપી સત્રો બાદ ડૉ. સિદ્ધાર્થ આર. જૈન અને ડૉ. હેમંત ભોયેના માર્ગદર્શન હેઠળ આશરે આઠ કલાક ચાલેલી સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી.

દર્દીની પોતાની જાંઘમાંથી લેવામાં આવેલા ટિશ્યૂ દ્વારા સ્તનોનું કુદરતી પુનઃનિર્માણ કરવામાં આવ્યું હતું. સર્જરી બાદ દર્દીને છઠ્ઠા દિવસે હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. હાલ દર્દી નિયમિત ફોલોઅપ અને રેડિયેશન થેરાપી સાથે સ્વસ્થ જીવન જીવી રહી છે.

તબીબોના જણાવ્યા મુજબ, અદ્યતન ઓન્કો-રિકન્સ્ટ્રક્ટિવ સર્જરી દર્દીઓમાં શારીરિક સારવારની સાથે ભાવનાત્મક પુનર્વસન અને આત્મવિશ્વાસ પુનઃસ્થાપિત કરવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.

હાલોલ GIDCની કંપનીમાં મોડી રાત્રે બનેલી દુર્ઘટના

કંપનીમાં કામ દરમિયાન પટકાતા યુવાનનું સારવાર દરમિયાન મોત

હાલોલ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ), વડોદરા. તા.5 હાલોલ જી.આઈ.ડી.સી. માંથી એક અત્યંત આઘાતજનક ઘટના સામે આવી છે. અહીં આવેલી એક નામાંકિત ઈન્ડસ્ટ્રીઝમાં રાત્રિ પાળી દરમિયાન ફરજ બજાવી રહેલો એક 28 વર્ષનો આશાસ્પદ શ્રમિક યુવાન અચાનક પડી જતાં ગંભીર રીતે ઘાયલ થયો હતો. લોહીલુહાણ હાલતમાં તેને તાત્કાલિક સારવાર અર્થે વડોદરા ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ યુવાને અંતિમ શ્વાસ લેતા પરિવાર સહિત પંથકમાં ભારે શોકની કાલિમા છવાઈ ગઈ છે. મળતી વિગત અનુસાર, મૂળ મહીસાગર જિલ્લાના કોઠંબા તાલુકાના અંતરિયાળ હેલકાબેરી ગામના વતની 28 વર્ષીય શનાભાઈ પ્રભાતભાઈ પગી રોજગારી અર્થે હાલોલ આવ્યા હતા. તેઓ હાલોલ જી.આઈ.ડી.સી. માં આવેલી 'નેચરલ ઓલ ઈન્ડસ્ટ્રીઝ' કંપનીમાં શ્રમિક તરીકે ફરજ બજાવતા હતા. ગત 22મી તારીખના રોજ તેઓ રાબેતા મુજબ કંપનીમાં નાઈટ શિફ્ટમાં કામ કરી રહ્યા હતા. દરમિયાન, મોડી રાત્રે આશરે 1:00 વાગ્યાના સુમારે કંપની પરિસરમાં કામ કરતી વખતે અચાનક કોઈ અકળ કારણોસર તેઓ ઉપરથી કે ચાલુ કામે નીચે પટકાયા હતા. આ અકસ્માતમાં શનાભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર આંતરિક અને બાહ્ય ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે કંપનીમાં ભારે દોડધામ મચી ગઈ હતી. લોહીલુહાણ હાલતમાં શનાભાઈને અન્ય કર્મચારીઓ અને કંપની સત્તાધીશો દ્વારા તાત્કાલિક પ્રાથમિક સારવાર માટે હાલોલની નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, તેમની સ્થિતિ અત્યંત નાજુક જણાતા ફરજ પરના તબીબોએ તેમને વધુ સઘન સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે રિફર કર્યા હતા. વડોદરા ખાતે તબીબોની ટીમે તેમને બચાવવા માટે પૂરતા પ્રયાસો કર્યા હતા, પરંતુ ગંભીર ઈજાઓ સામે જિંદગીનો જંગ હારી જતાં સારવાર દરમિયાન જ તેમણે દમ તોડી દીધો હતો. માત્ર 28 વર્ષની નાની ઉંમરે શનાભાઈનું આકસ્મિક મોત થતાં તેમના વતન હેલકાબેરી ગામમાં ઘેરા શોકનું મોજું ફરી વળ્યું છે.

માતા અને 5 વર્ષની બાળકી દાઝ્યા

સોમા તળાવ પાસે રસોઈ બનાવતી વખતે સ્ટવ ફાટ્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.5 શહેરના સોમા તળાવ વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં ગત રાત્રે ઘરકામ કરતી વખતે એક અકસ્માત સર્જાયો હતો. રસોઈ બનાવતી વખતે અચાનક કેરોસીનનો સ્ટવ ધડાકાભેર ફાટતાં ઘરના રસોડામાં રસોઈ કરી રહેલા 25 વર્ષના પરિણીતા અને તેમની બાજુમાં જ રમી રહેલી 5 વર્ષની માસૂમ બાળકી સકંજામાં આવી ગયા હતા.

સોમા તળાવ નજીક આવેલા કૃષ્ણનગરમાં દીપચંદ જયસવાલ પોતાના પરિવાર સાથે રહે છે. ગત રાત્રે આશરે 9:30 વાગ્યાની આસપાસ દીપચંદભાઈના પત્ની કવિતાબેન, ઉં.વ. 25 પોતાના પરિવાર માટે રસોડામાં રસોઈ બનાવી રહ્યા હતા. તે સમયે તેમની બાજુમાં જ તેમની 5 વર્ષની નાની દીકરી પણ રમી રહી હતી. રસોઈ કામ ચાલુ હતું તે દરમિયાન અચાનક જ કેરોસીનવાળો પ્રેશર સ્ટવ કોઈ કારણસર પ્રચંડ ધડાકા સાથે ફાટ્યો હતો. સ્ટવ ફાટવાની સાથે જ સળગતું કેરોસીન આજુબાજુ ઉડતાં કવિતાબેન અને તેમની બાળકી આગની ઝપેટમાં આવી ગયા હતા અને જોતજોતામાં બંને ગંભીર રીતે દાઝી ગયા હતા. ધડાકાનો અવાજ સાંભળીને આજુબાજુના પાડોશીઓ પણ દોડી આવ્યા હતા અને તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી. દુર્ઘટના બાદ તરત જ દાઝેલી હાલતમાં માતા-પુત્રી બંનેને તાત્કાલિક સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલના ફરજ પરના તબીબોના જણાવ્યા અનુસાર, બંનેને તાત્કાલિક સારવાર આપવામાં આવી છે અને હાલમાં તેમની તબિયતમાં ધીમે-ધીમે સુધારો થઈ રહ્યો છે.

ગોત્રી GMERS હોસ્પિટલના બાળરોગ વિભાગને ઈન્ફ્યુઝન પંપ અર્પણ કરાયા

(પ્રતિનિધિ), વડોદરા. તા.5 શહેરની ગોત્રી સ્થિત GMERS મેડિકલ કોલેજ અને હોસ્પિટલના પીડિયાટ્રિક (બાળરોગ) વિભાગમાં સારવાર મેળવતા માસૂમ બાળકોની સુવિધામાં વધારો કરવાના હેતુથી એક સરાહનીય સેવાકીય કાર્ય કરવામાં આવ્યું છે. 'ન્યૂ લિવિંગ સ્ટ્રીમ એનજીઓ' દ્વારા હોસ્પિટલના બાળરોગ વિભાગને અંદાજિત પોણા બે લાખ રૂપિયાની કિંમતના 6 અત્યાધુનિક ઈન્ફ્યુઝન પંપનું દાન કરવામાં આવ્યું છે. આ તબીબી ઉપકરણોની મદદથી હોસ્પિટલમાં દાખલ થતા બાળકોની સારવારની ગુણવત્તામાં મોટો સુધારો થશે. આવા સમયે સંસ્થાઓ દ્વારા મળતું આ પ્રકારનું આધુનિક તકનીકી સહયોગ સરકારી આરોગ્ય સેવાઓને વધુ મજબૂત બનાવે છે.

જમનાબાઈ જનરલ હોસ્પિટલ ખાતે નવા અદ્યતન સોનોગ્રાફી મશીનનું લોકાર્પણ

(પ્રતિનિધિ), વડોદરા. તા.5 શહેરના પાણીગેટ રોડ, માંડવી નજીક આવેલી ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકની જમનાબાઈ જનરલ હોસ્પિટલ ખાતે દર્દીઓની સુવિધામાં મોટો વધારો થયો છે. હોસ્પિટલ ખાતે આવતા દર્દીઓને વધુ ગુણવત્તાસભર, આધુનિક અને ઝડપી તબીબી નિદાન સેવાઓ મળી રહે તેવા શુભ આશય સાથે એક નવા અદ્યતન સોનોગ્રાફી મશીનનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું છે. અંદાજે 20 લાખની કિંમત ધરાવતું આ મશીન કાર્યરત થતાં ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓને ઘરઆંગણે જ અત્યાધુનિક આરોગ્ય સેવાઓનો લાભ મળશે. હોસ્પિટલ પરિસરમાં એક વિશેષ લોકાર્પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેનફીન હોમ્સ લિમિટેડ, અમદાવાદના ચીફ મેનેજર મોલેષભાઈ પ્રિયદર્શીના વરદ હસ્તે આ અદ્યતન સોનોગ્રાફી મશીન ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આ ગરિમામય કાર્યક્રમમાં સિવિલ સર્જન સહ ઈન્ચાર્જ વિભાગીય નાયબ નિયામક ડો. વી.એમ. કંટારીયા, ઈન્ચાર્જ નિવાસી તબીબી અધિકારી (RMO) ડો. એન.જે. પરીખ તેમજ વહિવટી અધિકારી પી.આર. રાવ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ ઓફિસ નંબર 501 અને 503, 5મો માળ, લાઇટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઇસ્ટ, મુંબઈ સબર્બન (જિલ્લો), મહારાષ્ટ્ર 400072
અમદાવાદ મણિનગર બ્રાન્ચઃ ઓફિસ નંબર 12, 2જો માળ, રાજરત્ન કોમ્પ્લેક્સ, રેલવે સ્ટેશનની સામે, લાલા લાજપત રાય માર્ગ, મણિનગર, અમદાવાદ - 380008 (ગુજરાત)
ગોધરા બ્રાન્ચઃ શોપ નંબર 3, 1લો માળ, શ્રી સ્વામિનારાયણ એવન્યુ, બમરોલી રોડ ગોધરા, પંચમહાલ 389001 (ગુજરાત)
નડિયાદ બ્રાન્ચઃ શોપ નંબર 04, 1લો માળ, પ્રાઇમ સ્કવેર, ખસરા નંબર આર.એસ. નંબર 1154/A, કેનાલ અને DDIT યુનિવર્સિટી નજીક, કોલેજ રોડ, નડિયાદ, જિલ્લો ખેડા - 387001 (ગુજરાત)

ડિમાન્ડ નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002ની કલમ 13(2) અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3(1) અન્વયે.

નીચે સહી કરનાર સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી છે. સદર કાયદાની કલમ 13(12) અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને, અધિકૃત અધિકારીએ સદર કાયદાની કલમ 13(2) હેઠળ ડિમાન્ડ નોટિસ જારી કરીને નીચે દર્શાવેલા લોનધારકોને તેમના નામે જારી કરાયેલી નોટિસમાં ઉલ્લેખિત રકમ ચૂકવવા માટે જણાવ્યું છે, જે નીચે મુજબ પણ આપેલ છે. આ સંદર્ભમાં, સદર લોનધારકોને આ નોટિસના પ્રકાશનના 60 દિવસની અંદર, લોન કરાર અને અન્ય દસ્તાવેજો હેઠળ ચૂકવવાપાત્ર વ્યાજ અને અન્ય ખર્ચ સહિતની રકમ આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડને ચૂકવી દેવા માટે ફરી એકવાર નોટિસ આપવામાં આવે છે. લોનની યોગ્ય ચુકવણીની સુરક્ષા તરીકે નીચેની મિલકતો આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ પાસે ગીરો મૂકવામાં આવી છે.

ક્રમ	લોનધારક / સહ-લોનધારક અને જામીનદારના નામ	માંગણી નોટિસની તારીખ અને રકમ	ગીરો મૂકેલી મિલકતની વિગત
1	(લોન કોડ નંબર 03900000616 / નડિયાદ બ્રાન્ચ) નરેશકુમાર ચૌહાણ (લોનધારક) મહેશભાઈ ચૌહાણ અને મણિબેન વિનોદ ચૌહાણ (સહ-લોનધારક)	13-05-2026 ₹ 1,83,087/-	મિલકતના તમામ ભાગ અને પાર્સલ જે જલારામ નગર 3 દેવ રેસીડેન્સી D પ્લોટ નંબર 152 153 પૈકી 1લો ભાગ યુનિટ નંબર 22 જલારામ નગર 3 દેવ રેસીડેન્સી D નૃત્યમ સ્કૂલની પાછળ બામરોલી રોડ, પંચમહાલ, ગુજરાત, 389001 પર આવેલ છે.
2	(લોન કોડ નંબર 35210000122 / અમદાવાદ મણિનગર બ્રાન્ચ) ધરમ પરાગભાઈ બુચ (લોનધારક) માતંગીબેન પરાગભાઈ બુચ (સહ-લોનધારક)	13-05-2026 ₹ 13,38,315/-	મિલકતના તમામ ભાગ અને પાર્સલ જે ફ્લેટ નંબર F/405 4મો માળ ઓરો હાઇટ્સ-2, ટી.પી. નંબર 1 એફ.પી. નંબર 85 મોજે-બિલ, તાલુકો-વડોદરા જિલ્લો-વડોદરા ગુજરાત 391410 પર આવેલ છે. સીમાઓઃ પૂર્વમાં - ફ્લેટ નંબર F-406, પશ્ચિમમાં - 12.00 મીટર રોડ, ઉત્તરમાં - ખુલ્લો પ્લોટ, દક્ષિણમાં - ફ્લેટ નંબર F-404
3	(લોન કોડ નંબર 17610000389 / ગોધરા બ્રાન્ચ) કાર્તિકગીરી હેમંતગીરી ગોસાઈ (લોનધારક) પ્રીતિ ગોસાઈ (સહ-લોનધારક)	13-05-2026 ₹ 13,42,648/-	મિલકતના તમામ ભાગ અને પાર્સલ ગ્રાઉન્ડ ફ્લોર મકાન નંબર 28 શ્રી રામ વાટિકા -2 મોજે હાલોલ વી મદાસર સબ ડિસ્ટ્રિક્ટ - હાલોલ જિલ્લો - પંચમહાલ ગુજરાત 389330. સીમાઓઃ પૂર્વમાં - આર એસ નંબર 09, પશ્ચિમમાં - રોડ, ઉત્તરમાં - પ્લોટ નંબર 29, દક્ષિણમાં - પ્લોટ નંબર 27

જો સદર લોનધારકો ઉપરોક્ત મુજબ આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડને ચુકવણી કરવામાં નિષ્ફળ જશે, તો આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ સદર લોનધારકોના જોખમે અને ખર્ચે કાયદાની કલમ 13(4) અને લાગુ પડતા નિયમો હેઠળ ગીરો મિલકતો સામે કાયદાકીય કાર્યવાહી શરૂ કરશે. સદર લોનધારકોને કાયદા હેઠળ આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડની પૂર્વ લેખિત મંજૂરી વિના ઉપરોક્ત મિલકતોને વેચાણ, ભાડાપટ્ટે અથવા અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધ છે. કોઈ પણ વ્યક્તિ જે આ કાયદા અથવા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરશે અથવા તેમાં મદદ કરશે, તે કાયદામાં આપેલી જોગવાઈ મુજબ જેલની સજા અને/અથવા દંડ માટે જવાબદાર રહેશે.

સ્થળઃ ગુજરાત, તારીખઃ 06-06-2026

સહી/- અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ વતી

બ્રહ્માંડના મહાસંયોગ જૂન મહિનામાં રચાશે દિવ્ય 'લક્ષ્મી નારાયણ રાજયોગ' : ૪ ભાગ્યશાળી રાશિઓ પર થશે અઢળક ધનવર્ષા

કર્ક રાશિમાં બુધ-શુક્રની અદભૂત યુતિ સર્જાશે



(પ્રતિનિધિ), વડોદરા. તા.5 જ્યોતિષ શાસ્ત્ર અનુસાર, જૂન 2026નો મહિનો ગ્રહોની વિશેષ અને અતિ મહત્વપૂર્ણ સ્થિતિને કારણે ખૂબ જ ખાસ સાબિત થવાનો છે. આ મહિનામાં બે મોટા અને શુભ ગ્રહો કર્ક રાશિમાં પ્રવેશ કરવા જઈ રહ્યા છે, જેના કારણે બ્રહ્માંડમાં એક અત્યંત દિવ્ય અને મંગળકારી સંયોગ રચાશે. જ્યોતિષીય ગણતરીઓ મુજબ, આગામી 8 જૂન 2026ના રોજ સૌંદર્ય અને વૈભવના દાતા શુક્ર ગ્રહ કર્ક રાશિમાં ગોચર કરશે. ત્યારપછી, 22 જૂન 2026ના રોજ બુદ્ધિ, વાણી અને વેપારના કારક ગણાતા બુધ ગ્રહ પણ કર્ક રાશિમાં પ્રવેશ કરી જશે. કર્ક રાશિમાં બુધ અને શુક્રના આ ભવ્ય મિલનથી 'લક્ષ્મી નારાયણ રાજયોગ'નું નિર્માણ થશે. જ્યોતિષ શાસ્ત્રમાં શુક્ર અને બુધની આ યુ